ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૯/૨૨-૨૩/ 2049 તારીખ : 27 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સાંગાણી પરષોતમભાઈ ભીમાભાઈ,**
**સી/૨૨૨૪-એ, શેરી નં-૫,**
**જુની ભગવતી, કાળીયાબીડ,**
**ભાવનગર.**

કેસ નં.૦૯/૨૨-૨૩

**મો.નં – ૯૮૭૯૫૭૩૬૩૮**

**વિષય : અમારી જમીન પરથી અન્યને આપેલ ખેતીવાડી વિજ કનેકશન રદ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૧/૦૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૨-૨૩/૧૩૭૮ તા.૨૮/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૨-૨૩/૧૭૦૪ તા.૩૦/૦૫/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૬/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ત્રાપજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૯/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી સાંગાણી પરષોતમભાઈ ભીમાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૦/૦૬/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી સાંગાણી પરષોતમભાઈ ભીમાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સાંગાણી પરષોતમભાઈ ભીમાભાઈ, મું.ભાવનગર ની તેમની જમીન પરથી અન્યને આપેલ ખેતીવાડી વિજ કનેકશન રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૨–૨૩/૧૩૭૮ તા.૨૮/૦૪/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૦/૦૬/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી સાંગાણી પરષોતમભાઈ ભીમાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી માલીકીની જમીન સર્વે નંબર–૯૪ માં ગામ સાંકડાસર–૨ માં ત્રાપજ પેટા વિભાગીય કચેરી દ્વારા અન્ય વ્યકિત કાળુભાઈ બચુભાઈ સાંગાણી સર્વે નંબર–૩૯ ને અમારી માલીકીની જમીનમાં વિજ જોડાણ આપવામાં આવેલ.

૧.૨ જે સદર ખેતીવાડી વિજ જોડાણ ગેરકાયદેસર આપેલ હોય ત્યારબાદ, અમો દ્વારા વાંધા અરજી તા.૧૭/૧૨/૨૦૧૯ તેમજ તા.૧૦/૫/૨૦૨૨ ના રોજ અધિક્ષક ઈજનેર,ભાવનગર વર્તુળ કચેરીને આપેલ.ત્યારબાદ, તા.૩૧/૫/૨૦૨૨ ના રોજ CGRF ભાવનગર ને અરજી આપેલ.

૧.૩ સદર અરજી અમો દ્વારા કાળુભાઈ બચુભાઈ સાંગાણી સાથે આંતરીક વાતચીત કરેલ સમાધાન થતા તા.૨૦/૭/૨૦૨૧ ના રોજ CGRF ભાવનગર ને અમારી અરજી પરત ખેચવા અર્થે વિનંતી કરેલ.

૧.૪ અમો વચ્ચે આંતરીક સમાધાન થયેલ નથી અને શ્રી કાળુભાઈ બચુભાઈ દ્વારા સદર વિજ જોડાણ નો ગેરકાયદેસર દૂર ઉપયોગ કરેલ છે. આથી, સદર ગેર કાયદેસર વિજ જોડાણ રદ કરવા વિનંતી છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદી દ્વારા જણાવેલ કે, શ્રી કાળુભાઈ બચુભાઈ સાંગાણી દ્વારા સાંકડાસર–૨ ગામે સર્વે નં–૩૯ માં ૭.૫ હો.પા. નું વિજ કનેકશન માંગેલ જે કનેકશન તા.૭/૧૧/૨૦૧૯ ના રોજ ગ્રાહક નં–૮૧૦૩૬૬૧૨૫૨૦ થી રીલીઝ કરવામાં આવેલ છે.

૨.૨ વાદી દ્વારા સદર કનેકશન બાબતે ફરીયાદ કરતા જાણવા મળેલ છે કે, સદર કનેકશન કાળુભાઈ દ્વારા વાદીના સર્વે નંબર–૯૪ માં સર્વે કરાવી અને તેમના કહેવા મુજબ આ જગ્યા પોતાની હોય, આથી આ જગ્યા પર સર્વે કરી વિજ કનેકશન આપવામાં આવેલ હતું.

૨.૩ સદર કનેકશન તા.૭/૧૧/૨૦૧૯ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. પરંતુ, વાદી તેમજ કાળુભાઈ વચ્ચે પારીવારીક સમસ્યા ઉભી થતા, વાદી દ્વારા સદર ફરીયાદ કરવામાં આવેલ છે. તેવું જણાય આવેલ છે.

૨.૪ આ બાબતે CGRF માં અગાઉ ફરીયાદ પણ થયેલ હતી. પરંતુ, વાદી તેમજ કાળુભાઈ વચ્ચે સમાધાન થઈ જતા, કેસ પાછો ખેંચવામાં આવેલ હતો.

૨.૫ વાદી તેમજ કાળુભાઈ બન્ને વચ્ચે કૌટુંબિક સમસ્યા થતા, વિજ કનેકશન રદ કરવા હવે અરજી કરવામાં આવે છે અને સમાધાન થઈ જતા વિજ કનેકશન ચાલુ રાખવું તેમ બેવડું વલણ ધરાવે છે.

૨.૬ કાળુભાઈ બચુભાઈ સાંગાણીને તા.૧૫/૭/૨૦૨૧ ના રોજ ત્રાપજ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા નોટીસ આપવામાં આવેલ છે કે, સર્વે નં–૩૯ ના દસ્તાવેજી પુરાવા રજૂ કરી સર્વે નં–૯૪ માં સર્વે કરાવીજ કનેકશન તે જગ્યા પર ઉભું કરાયેલ છે અને પીજીવીસીએલ ને ગેરમાર્ગે દોરેલ છે. પરંતુ, વાદી તેમજ કાળુભાઈ વચ્ચે સમાધાન થઈ જતા, વિજ કનેકશન રદ કરવા અંગેની આગળની કાર્યવાહી નો કરવી તેવું CGRF માં તા.૨૦/૭/૨૦૨૧ ના રોજ જણાવેલ.

૨.૭ તા.૭/૬/૨૦૨૨ ના રોજ કાળુભાઈ બચુભાઈ સાંગાણી ને ત્રાપજ પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર દ્વારા સરકારી ઓફીસ સાથે ચેડા કરી તેમજ કર્મચારીને ગેરમાર્ગે દોરી ખોટી જગ્યા પર વિજ કનેકશન ઉભું કરાવેલ હોય, સદર વિજ કનેકશનન કાયમી ધોરણે રદ કરવા માટે નોટીસ આપેલ છે. (બિડાણ–૧)

૨.૮ તા.૩૧/૪/૨૦૨૧ ના રોજ ત્રાપજ પેટા વિભાગીય કચેરીમાં આગ લાગતા સદર કનેકશનની ફાઈલ આગમાં બળી ગયેલ છે. જેના લીધે સદર કેસ અંગે કોઈ દસ્તાવેજી પુરાવા હાલમાં ઉપલબ્ધ *નથી. (બિડાણ–૨)*
જે આપ સાહેબની જાણ સારૂં અને યોગ્ય કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી પરષોતમભાઈ ભીમાભાઈ સાંગાણી, ભાવનગર દ્વારા તેમની સાંકડાસર–૨ ગામ ખાતેની જમીન સર્વે નં–૯૪ માંથી અન્ય વ્યકિત શ્રી કાળુભાઈ બચુભાઈ સાંગાણી સર્વે નં–૩૯ ને અયોગ્ય રીતે વિજ જોડાણ આપવા બાબતની રજૂઆત ફોરમને કરવામાં આવેલ છે.

૩.૨ આ તબકકે વાદી દ્વારા આજ બાબત ની તા.૩૧/૫/૨૦૨૧ થી ફરીયાદ અગાઉ ફોરમને કરેલ. પરંતુ, ત્યારબાદ તેઓને શ્રી કાળુભાઈ બચુભાઈ સાંગાણી સાથે સમાધાન થઈ જતાં ફોરમને લેખિતમાં તેમની ફરીયાદ બાબતે સમાધાન પત્ર રજૂ કરેલ અને આગળની કાર્યવાહી ન કરવા જણાવી અરજી/ફરીયાદ પરત ખેંચેલ. જેને લઈને ફોરમ દ્વારા પત્ર નં–૨૧૪૫ તા.૨૩/૭/૨૦૨૧ થી સમાધાન થયા અંગેનો આદેશ કરેલ છે.

૩.૩ આથી, વાદીની હાલની ફરીયાદ અંગે અગાઉ પણ ફોરમ દ્વારા હુકમ કરવામાં આવેલ હોઈ, તેવા સંજોગોમાં GERCના નોટીફીકેશન નં–૨/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩(૧) મુજબ સદર કેસ ફરીવાર ચલાવવા વાદી હકકદાર રહેતો ન હોય ફોરમ દ્વારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી, અરજદારની અરજી નો નિકાલ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| Jmehta | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એ.એ.જાડેજા)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૦/૦૬/૨૦૨૨.**